# ડિપ્લોમા થી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં Upgradationમાં પ્રવેશ મેળવેલ / પ્રવેશની ફેરબદલી થયેલ ઉમેદવારો માટે અગત્યની સૂચના (વર્ષ ૨૦૧૭-૧૮)

ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોના **Upgradation** રાઉન્ડમાં જે ઉમેદવારોને પ્રવેશ ફાળવવામાં આવેલો છે તેવા વિદ્યાર્થીઓએ :-

(૧) જે વિદ્યાર્થીઓ માટે ટ્યૂશન ફી ની રકમ જમાં કરાવવાની છે તેવા વિદ્યાર્થીઓએ તા. ૨૨-૦૮-૨૦૧૭ અને તા. ૨૩-૦૮-૨૦૧૭ ના નિર્ધારિત સમયમર્યાદામાં જરૂરી ટ્યુશન ફીની રકમ રોકડમાં કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારીત શાખા અથવા ઓનલાઈન જમા કરાવી ત્યારબાદ ઉમેદવારે પોતાનાં Login ID માંથી **Admission Detail** ઉપર ક્લિક કરી પોતાની “Admission Slip” ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે.

(૨) પ્રવેશ confirm કરાવતી વખતે

(અ) જો ઉમેદવારને Bank Fee Challanમાં કોઈ ફી ભરવાનો ઉલ્લેખ હોય, તો જરૂરી ટ્યુશન ફીની રકમ ઓનલાઈન અથવા રોકડમાં તા. ૨૨-૦૮-૨૦૧૭ અને તા. ૨૩-૦૮-૨૦૧૭ ના નિર્ધારિત સમયમર્યાદામાં જરૂરી ટ્યુશન ફીની રકમ રોકડમાં કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારીત શાખામાં જમાં કરાવ્યા બાદ ઉમેદવારોએ પોતાનાં લોગઈન આઈડીની મદદથી ઓનલાઈન થઈને “Admission Slip” ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે.

**અથવા**

(બ) જે ઉમેદવારોની Payment Slip માં શૂન્ય ફી (Zero Fee) દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ બેંકમાં જવાની જરૂર નથી. આવા ઉમેદવારોએ પોતાનાં લોગઈન આઈડીની મદદથી ઓનલાઈન જ પ્રવેશ કાયમ કરાવવાનો રહેશે. આવા ઉમેદવારો પોતાના પ્રવેશ કાયમ કરાવવા માટે **Result —> Information Letter** ક્લિક કરી **Accept** બટન દબાવવાનું રહેશે અને “Admission Slip” ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે. જે ઉમેદવારો **Decline** બટન દબાવશે તેઓનો પ્રવેશ કાયમ થશે નહીં

(૩) Upgradation તબક્કા દરમ્યાન પ્રવેશમાં સંસ્થા કે સંબંધિત વિદ્યાશાખામાં કોઈ ફેરબદલી થયેલ હોય અથવા તો નવો પ્રવેશ મેળવેલ હોય, તેવા ઉમેદવારોએ ઉપરોક્ત મુદ્દા નં. ૧ અથવા ૨ મુજબની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ **તા. ૨૬-૦૮-૨૦૧૭** સુધીમાં, જે-તે સંસ્થા ખાતે રીપોર્ટીંગ કરવું ફરજીયાત છે. સમયમર્યાદામાં બેંકમાં જરૂરી ફી જમા નહીં કરાવનાર અને/અથવા સંસ્થા ખાતે રીપોર્ટીંગ નહીં કરનાર ઉમેદવારોનો પ્રવેશ રદ થવાને પાત્ર રહેશે તેમજ સમય મર્યાદામાં ઉમેદવારે સંસ્થા ખાતે નિયમોનુસાર એક સેમેસ્ટરની ફી ભરવાની રહેશે.

**તા. ૨૩-૦૮-૨૦૧૭** **— મેમ્બર સેક્રેટરી**